GJVD040012492019

## આંક–૧ તથા આંક–૨૯ હેઠળ સંયુકત હુકમ

રાજપુત ગૌરવસિહ પ્રવિણસિહ વાદી

**વિરૂધ્ધ**

(૧) કૃણલાલ અરવિંદભાઈ પટેલ
(૨) બીનલબેન અરવિંદભાઈ પટેલના
કુ.મુ. કૃણલાલ અરવિંદભાઈ પટેલ
(૩) સંદીપકુમાર અરવિંદભાઈ પટેલ પ્રતિવાદીઓ.....

**વાદી તરફે વિ.વ.શ્રી ટી.વી. વ્યાસ**
**પ્રતિવાદી નં. ૧ , ૨ તરફે વિ.વ.શ્રી વાય. પી. પટેલ**
**પ્રતિવાદી નં. ૩ તરફે વિ.વ.શ્રી કે. બી. પટેલ**

(૧) વાદી ધ્વારા હાલનો દાવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ કાયમી તાકીદ તથા હકક સ્થાપન માટે દાખલ કરેલ, જે અનુસંધાને પ્રતિવાદીઓને નોટીસ કરતા પ્રતિવાદીઓ તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા.

(૨) પ્રતિવાદીઓ ધ્વારા આંક–૨૭ થી તા. ૧૧.૧૦.૨૦૨૨ ના રોજ અરજી આપી વાદી હાજર રહેતા ન હોય, જેથી હાલનો દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા અરજ કરેલ છે.

(૩) પ્રતિવાદી નં. ૩ ના વિ.વ.શ્રી હાજર છે. તેઓની મૌખિક રજુઆત મુજબ વાદી હાજર રહેતા ન હોય તેમજ વાદીને હાલના દાવામાં કોઈ રસ ન હોય, જેથી અરજીને ધ્યાને લઈ, હાલનો દાવો રદૃ કરવા અરજ કરેલ છે.

(૪) વાદી તથા વાદીના વિ.વ.શ્રીનો પોકાર પડાવતા કોઈ હાજર નથી કે, તેઓ તરફે કોઈ રીપોર્ટ નથી.

(૫) આ કામનું રેકર્ડ વંચાણે લેતાં સદર કામે તા. ૨૪.૦૨.૨૦૨૨ ના રોજ આંક–૨૮ થી મુદૃા કાઢવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ વાદીના પુરાવા માટે મુલત્વી રહેલ છે. આ કામનું રોજકામ જોતા તારીખ ૩.૦૨.૨૦૨૩ ના રોજ આ કામના વાદી જાતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેતા તેઓને પુરાવો રજુ કરવાનું જણાવતા કાંઈ જણાવતા નથી. વધુમાં, ત્યારબાદ વાદી કે વાદીના વકીલશ્રી તથા પ્રતિવાદી કે પ્રતિવાદીના વકીલશ્રી કોર્ટ સમક્ષ હાજર રહેતા નથી. આમ, વાદી તરફે વાદી જાતે કે તેમના વકીલશ્રી

કોર્ટ સમક્ષ હાજર રહેતા નથી કે મુદ્દતનો કોઈ રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી કે સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવા માટે કોઈ તજવીજ કરેલ નથી. આમ, હાલનો દાવો ચલાવવા માટે વાદીને કોઈ રસ હોવાનું જણાઈ આવતુ નથી. વધુમાં પ્રતિવાદી નં. ૩ ધ્વારા હાલની આંક–૨૯ ની અરજી તારીખ ૧૧.૧૦.૨૦૨૨ ના રોજ આપેલ ત્યારબાદથી આજ દિન સુધી વાદી કે વાદીના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે કોઈ રજુઆત કરેલ ન હોય, વાદીને હાલના દાવામાં રસ ન હોવાનું જણાય આવતુ હોય, પ્રતિવાદીની હાલની અરજી મંજુર થવા પાત્ર હોવાનું અને વાદીનો દાવો તેઓની ગેરહાજરીના કારણે રદ્દ કરવો યોગ્ય અને ન્યાયી જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) પ્રતિવાદી નં. ૩ ની આંક–૨૯ ની અરજી આથી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વાદીનો હાલનો દાવો વાદીની સતત ગેરહાજરીના લીધેલ સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર ૯ રુલ ૮ મુજબ રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

હુકમ આજરોજ તારીખ બારમી માહે જુન સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ.૧૨/૦૬/૨૦૨૩.<br>સ્થળ: પાદરા<br><br>IGS | **(ઝેડ.એન.મુન્શી)**<br>પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,<br>પાદરા, જી. વડોદરા.<br>આઈ.ડી.નં.જીજે૦૧૦૩૪ |